GJSK020051092026

**<u>ક્રિ.પ.અ.નં.૩૦૭/૨૦૨૬</u>**

**<u>હિમતનગર ગાંભોઈ પો. સ્ટે.ફ. ગુ.ર.નં.૧૧૨૦૯૦૧૪૨૪૦૭૫૭/૨૦૨૪</u>**

**<u>અરજદાર પરમાર મગનસિંહ બાલુસિંહની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૯૭ ની આંક–૧ ની અરજી હેઠળ હુકમ :</u>**

(૧) અરજદારની અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. આંક–૪ થી ત.ક. અમલદાર નો અભિપ્રાય વંચાણે લીધો તેમજ વિ.એપીપીશ્રીનો શેરો વંચાણે લીધો.

(૨) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારએ તેના અંગત ઉપયોગ માટે **<u>મુદામાલ હોન્ડા શાઈન મોટર સાયકલ જેનો રજી. નં.GJ.09.CT.9388</u>** છે. જે અરજદારની માલીકીનાં આવેલ છે. સદર મુદ્દામાલ **<u>હિમતનગર ગાંભોઈ પો. સ્ટે.ફ. ગુ.ર.નં.૧૧૨૦૯૦૧ ૪૨૪૦૭૫૭/૨૦૨૪, ધી ગુજરાત પ્રોહી એકટની કલમ –૬૫(એ)(એ), ૮૧ , ૮૩</u>** મુજબના કામે પોલીસે કબજે કરેલ છે. સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં લાંબા સમય સુધી પડી રહે તો બગડી જઈ શકે તેમ છે અને તેનાથી અરજદારને નુકશાન થાય તેમ છે. સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશને સાચવવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. સદરહું મુદ્દામાલના ભાગો બગડી જતાં અરજદારને ખુબ જ નાણાંકીય નુકશાન થાય તેમ છે. નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તથા નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અરજદાર તૈયાર છે. તે સંજોગોમાં અરજદારે સદર મુદ્દામાલ પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

(૩) આ કામે રજુ થયેલ પક્ષકારોના વિ.વ.શ્રીની રજુઆતો ધ્યાને લેતાં તેમજ રજુ થયેલ એફ.આઈ.આર.ની નકલ તથા આર.સી.બુકની નકલ રજુ કરેલ છે.

જે ધ્યાને તેમજ વંચાણે લેતાં સદર મુદ્દામાલના માલીક હાલમાં મુળ અરજદાર છે. સદરહુ મુદ્દામાલ પરત મેળવવા અરજદાર સિવાય અન્ય કોઈએ માંગણી કરેલ નથી.

સદરહુ મુદ્દામાલ પરત મેળવવા અરજદાર સિવાય અન્ય કોઈએ માંગણી કરેલ નથી. સદર કામે આંક–૦૪ થી આરોપી તરફે નો કલેઈમ પુરસીસ રજુ કરેલ છે જે વંચાણે લેતાં, સદરહુ મુદામાલ અરજદારને સોંપવામાં આવે તો વાંધો નથી તેવુ જણાવેલ છે.

આમ, આ કામે મુદ્દામાલ અરજદારની માલિકીનુ છે અને વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તે બગડી જાય તેમ છે અને જેનાથી અરજદારને નાણાંકીય નુકસાન ભોગવવુ પડે તેમ છે તથા આ કામે આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલતાં કેટલો સમય જાય તે નકકી થઈ શકે તેમ નથી. જો તેઓને સદર મુદ્દામાલ પરત આપવામાં ન આવે તો તેઓને ખુબ મોટું આર્થિક નુકશાન જાય તેવું આ કોર્ટનું માનવું છે તેમજ **<u>''નામ. સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કિસ્સામાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૨(૮) સુપ્રિમ ટુડે પાના નં . ૫૨૫'' ઉપર પ્રસિધ્ધ થયેલ છે.</u>** જેમાં નામ. સુપ્રિમ કોર્ટે એવું પ્રસ્થાપિત કરેલ છે કે, ''ગુન્હાના કામે કબજે લીધેલ મુદ્દામાલ તેના યોગ્ય માલીકને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લઈ વચગાળાના હુકમે પરત સોં પવો જોઈએ.'' તે સંજોગોમાં મુદ્દામાલ તેને યોગ્ય શરતોને આધિન અરજદારને સોંપવાનું આ અદાલત ને વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

આથી અરજદાર **<u>પરમાર મગનસિંહ બાલુસિંહ, રહે. રાયણવાળી ફળી, પંચાયતની બાજુમાં, મુ.પો.ગામડી, તા.હિમતનગર, જી.સાબરકાંઠા</u>**ની **<u>મુદામાલ હોન્ડા શાઈન મોટર સાયકલ જેનો રજી. નં.GJ.09.CT.9388</u>** પરત

મેળવવાની હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે.

આથી **<u>હિમતનગર ગાંભોઈ પો. સ્ટે.ફ. ગુ.ર.નં.૧૧૨૦૯૦૧ ૪૨૪૦૭૫૭/૨૦૨૪, ધી ગુજરાત પ્રોહી એકટની કલમ -૬૫(એ)(એ), ૮૧ , ૮૩</u>** મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમ કરતાં દોઢી રકમ ના જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાના હુકમે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો:</u>-

૧. અરજદારે મુદ્દામાલનો આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી તેની ઓળખમાં કોઈ ફેરફાર થાય તેવુ કૃત્ય કરવુ/કરાવવુ નહી અને નામ. અદાલત જયારે ફરમાવે ત્યારે રજુ કરવાનુ રહેશે.

૨. અરજદારે મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ કરવુ /કરાવવું નહી. મુદ્દામાલના ચારે બાજુના ફોટોગ્રાફ રજુ કરવા.

૩. અરજદાર ઉપરોકત શરતોનુ પાલન કરશે તેવુ સોગંદનામુ કરવું.

૪. ઉપરોકત હુકમની સંબંધીત પો. સ્ટેશને યાદી કરવી.

હુકમ મુજબ જામીન તથા બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશને રજુ કરવા.

હુકમ આજ તારીખ : ૧૧ **મી**, માહે માર્ચ, સને : **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા. ૧૧/૦૩/૨૦૨૬**

**(કમલેશ હરિભાઈ શેખા)**

હિંમતનગર.

ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ,
હિંમતનગર, જી. સાબરકાંઠા.
**જજ કોડ નં. જી જે ૦૧૧૫૬**

//Parul//